# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

*******************************************************

1) **પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે.**

2) **રાષ્ટ્રપતિ હિમાચલ પ્રદેશ, ઉપરાષ્ટ્રપતિ આંધ્રપ્રદેશ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિક્કિમના પ્રવાસે જશે.**

3) **ભારત અને ન્યુઝીલેન્ડ આજે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે.**

4) **ઈરાન અને અમેરિકા વચ્ચેની વાટાઘાટોની અનિશ્ચિત્તા વચ્ચે ઈરાનના વિદેશ મંત્રી ફરી વાર ઇસ્લામાબાદ પહોંચ્યા.**

5) **IPL ક્રિકેટમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સુપર ઓવરમાં લખનૌ સુપર જાયન્ટ્સને હરાવ્યું.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. WB - CAMPAIGNING

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ મહિનાની 29મી તારીખે બીજા તબક્કામાં 142 મતવિસ્તારોમાં મતદાન થશે. જેમાં કોલકાતા ઉત્તર, કોલકાતા દક્ષિણ, હાવડા, નાદિયા, ઉત્તર 24 પરગણા, દક્ષિણ 24 પરગણા, હુગલી અને પૂર્વ બર્ધમાન સહિત આઠ ચૂંટણી જિલ્લાઓનો સમાવેશ થાય છે.

અગાઉ, પશ્ચિમ બંગાળમાં મતદાનના પ્રથમ તબક્કામાં 23 એપ્રિલે 93.19 ટકા મતદાન નોંધાયું હતું.

કેરળમ, આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને એક કેન્દ્રશાસિત પ્રદેશ, પુડુચેરી સહિત ચારેય રાજ્યોની મતગણતરી 4 મેના રોજ યોજાશે.

# NIA - WB BOMB

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ પશ્ચિમ બંગાળમાં 79 ક્રૂડ બોમ્બની જપ્તીની તપાસ માટે કેસ નોંધ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ પગલું કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આ સંદર્ભમાં નિર્દેશ બાદ લેવામાં આવ્યું છે. NIAના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આતંકવાદ વિરોધી એજન્સીએ શનિવારે કોલકાતાના ભાંગર વિભાગના ઉત્તર કાશી પોલીસ સ્ટેશનમાં મૂળ રીતે દાખલ કરાયેલ કેસ નોંધ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

અગાઉ ગઈકાલે ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ પોલીસને મતદાન થનારા રાજ્યમાં ક્રૂડ બોમ્બના ગેરકાયદેસર ઉત્પાદનમાં સામેલ લોકોની ધરપકડ કરવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## PREZ-HP VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી હિમાચલ પ્રદેશના પાંચ દિવસના પ્રવાસે રહેશે. રાષ્ટ્રપતિ તેમની મુલાકાત દરમિયાન આવતીકાલે શિમલાના લોકભવનમાં હિમાચલ પ્રદેશના રાજ્યપાલ દ્વારા આયોજિત ભોજન સમારંભમાં હાજરી આપશે. બુધવારે, રાષ્ટ્રપતિ મુર્મુ અટલ ટનલની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ 1 મેના રોજ તેમની મુલાકાતના છેલ્લા દિવસે શિમલામાં આર્મી ટ્રેનિંગ કમાન્ડની પણ મુલાકાત લેશે.

## VP - AP VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજે આંધ્રપ્રદેશના બે દિવસના રાજ્ય પ્રવાસ પર પહોંચશે. આ મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ આજે સાંજે વિશાખાપટ્ટનમમાં આંધ્ર યુનિવર્સિટીના શતાબ્દી સમારોહમાં ભાગ લેશે. આ કાર્યક્રમ દેશમાં ઉચ્ચ શિક્ષણ અને શૈક્ષણિક શ્રેષ્ઠતામાં આંધ્ર યુનિવર્સિટીના વિશિષ્ટ યોગદાનના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઉજવવામાં આવશે.

# PM - SIKKIM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમની બે દિવસની મુલાકાતે ગંગટોક પહોંચશે. શ્રી મોદી તેમની મુલાકાત દરમિયાન સિક્કિમના રાજ્યના 50 વર્ષના સમાપન સમારોહમાં ભાગ લેશે.

સાંભળીએ એક અહેવાલ...

(BYTE: MANAS)

# INDIA-NZ FTA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત અને ન્યુઝીલેન્ડ આજે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે. આ કરાર બંને દેશો વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

(BYTE: પિયુષ ગોયલ)

આ કરારનો ઉદ્દેશ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને 5 બિલિયન ડોલર સુધી વધારવાનો છે. શ્રી ગોયલે કહ્યું કે આ કરાર વ્યાપારિક તકોને વેગ આપશે. તેમણે આગ્રામાં ચામડું, કાપડ, હાથવણાટ, હસ્તકલા, કાર્પેટ અને મસાલા જેવા ક્ષેત્રોના સ્થાનિક વેપારીઓને પણ મળ્યા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## DOVAL - UAE PREZ

**રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગઈકાલે UAE ના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અને પ્રાદેશિક પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવાના પગલાં અંગે ચર્ચા કરી હતી. UAE માં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, શ્રી ડોભાલે આરબ દેશની સત્તાવાર મુલાકાત દરમિયાન UAE ના નેતાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા પાઠવી હતી. ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું હતું કે, વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના પગલાં, પ્રાદેશિક પરિસ્થિતિ અને પરસ્પર હિતના અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.**

આ મહિનાની શરૂઆતમાં, શ્રી ડોભાલે સાઉદી અરેબિયાના વરિષ્ઠ નેતાઓને મળ્યા હતા અને દ્વિપક્ષીય સંબંધો, પ્રાદેશિક પરિસ્થિતિ અને પરસ્પર હિતોના અન્ય ક્ષેત્રો પર ચર્ચા કરી હતી.

## REV IRAN FM-PAK

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ગઈકાલે ફરી વાર ઇસ્લામાબાદ પહોંચ્યા છે. શ્રી અરાઘચી એક દિવસ પહેલા જ ઇસ્લામાબાદ છોડીને ગયા હતા, જેના કારણે ઈરાન અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત બીજા રાઉન્ડની વાટાઘાટો અંગે અનિશ્ચિતતા ઊભી થઈ હતી. દરમિયાન, પાકિસ્તાનનું રાજકીય અને લશ્કરી નેતૃત્વ ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટો ફરી શરૂ કરવા માટે કામ કરી રહ્યું છે.

ઈરાનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે શ્રી અરાઘચી રશિયાની યાત્રા કરતા પહેલા પાકિસ્તાનની રાજધાની પરત ફર્યા હતા. તેઓ અગાઉ અન્ય એક મુખ્ય મધ્યસ્થી સાથે ઓમાનમાં હતા.

## NPT CONFERENCE

પરમાણુ અપ્રસાર સંધિ (NPT) ના પક્ષકારોની સમીક્ષા પરિષદ આજથી ન્યૂયોર્કમાં શરૂ થઈ રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત, આ પરિષદ ચાર અઠવાડિયાના સમયગાળામાં NPT ના ત્રણ સ્તંભો: નિઃશસ્ત્રીકરણ, અપ્રસાર અને પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગો પર થયેલી પ્રગતિની સમીક્ષા કરવા માટે એકત્ર થશે.

(BYTE: કે. કે. શર્મા)

# IPL

આઈપીએલ ક્રિકેટમાં લખનૌમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સુપર ઓવરમાં લખનૌ સુપર જાયન્ટ્સને હરાવ્યું.

પહેલા બેટિંગ કરતા, કોલકાતા નાઈટ રાઈડર્સે સાત વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા. એની  સામે લખનૌ સુપર જાયન્ટ્સે પણ નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા. ત્યારબાદ રમાયેલી સુપર ઓવરમાં, લખનૌ સુપર જાયન્ટ્સે બે વિકેટ ગુમાવીને 1 રન બનાવ્યા. કોલકાતા નાઈટ રાઈડર્સના રિંકુ સિંહે સુપર ઓવરના પહેલા જ બોલ પર ચોગ્ગો ફટકારીને મેચ જીતી લીધી. રિંકુ સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે  સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, મધ્ય પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત અને વિદર્ભમાં ગરમીની આગાહી કરી છે. હવામાન વિભાગે આંધ્ર પ્રદેશ, કેરળ, માહે અને તમિલનાડુના અલગ અલગ વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા હવામાનની આગાહી કરી છે ઉપરાંત હરિયાણા, ચંદીગઢ, દિલ્હી છત્તીસગઢ અને પશ્ચિમ મધ્ય પ્રદેશમાં રાત્રે ગરમ હવામાનની સંભાવના છે.

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન સંસ્થાએ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં મુખ્યત્વે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, કાળઝાળ ગરમી વચ્ચે ગુજરાતમાં 60 ટકા મતદાન.
- સંદેશ લખે છે કે, ગુજરાતમાં શહેરો કરતાં ગામડાઓમાં ઊંચું મતદાન.
- નવગુજરાત સમય, ફૂલછાબ અને જય હિન્દ લખે છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સરેરાશ 56 ટકા મતદાન

- અને દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, ડિનરમાં દહેશત: ગોળીબાર થયો, ટ્રમ્પ હેમખેમ.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, ગુજરાત ભઠ્ઠી બન્યું, 4 શહેરમાં પારો 44 ડિગ્રીને પાર, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન હાર્ટ અટેક આવતા 3ના મોત, અમદાવાદ એરપોર્ટ પરથી 30 લાખની કીમતી પેન ઝડપાઇ, રાજકોટના ફનબલસ્ટ ગેમઝોનમાં આગ લાગી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

--------------------------------